સાબરકાંઠામાં કોરોનાના નવા સાત કેસ : કુલ આંક ૨૫૦

હિંમતનગર, પ્રાંતિજમાં કોરોનાના કેસમાં ચિંતાજનક વધારો : સોમવારે આઠ દર્દીઓને રજા અપાઈ

હિંમતનગર, તા. ૧૩ સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝીટીવના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે છેલ્લા ચોવીસ કલાકમાં વધુ સાત કેસનો ઉમેરો થયો છે અને સોમવારે કોરોના પોઝીટીવના કુલ કેસ ૨૫૦ થઈ ગયા છે. જો કે અગાઉ કોરોનામાં સપડાયેલા આઠ દર્દીઓ સાજા થતા તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા ૨૪ કલાકમાં જે નવા સાત કેસ નોંધાયા છે તેમાં હિંમતનગર તાલુકાના વક્તાપુર ગામના ૪૨ વર્ષીય પુરૂષ, નવા ગામના ૫૫ વર્ષીય મહિલા તથા હિંમતનગર શહેરની મોટી વ્હોરવાડમાં રહેતા ૮૪ વર્ષીય પુરૂષ, પોલોગ્રાઉન્ડના ૬૦ વર્ષીય મહિલા, મેનાપાર્કના ૪૨ વર્ષીય પુરૂષ ઉપરાંત મહાવીરનગરમાં રહેતા ૨૧ વર્ષીય યુવક તથા પ્રાંતિજની સ્વામીનારાયણ સોસાયટીમાં રહેતા ૭૨ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ સોમવાર સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસનો આંકડો ૨૫૦ થઈ ગયો છે. જ્યારે અગાઉ કોરોનામાં સપડાયેલા દર્દીઓ પૈકી સોમવારે આઠ દર્દીઓએ કોરોનાને માત આપતા તેમને રજા આપવામાં આવી છે. જેમાં હિંમતનગરના ૪૫ વર્ષીય મોઈન સૈયદ, ૧૦ વર્ષીય કેવિન પટેલ, ૨૯ વર્ષીય જૈનિલ પટેલ, ૫૫ વર્ષીય સુરેશભાઈ પટેલ, ૬૪ વર્ષીય મધુબેન પંચાલ, ૪૭ વર્ષીય ઈબ્રાહીમભાઈ કડીવાલા તથા પ્રાંતિજ તાલુકાના ૬૦ વર્ષીય શારદાબેન ચૌહાણ અને ૬૨ વર્ષીય નસીમબાનુ વ્હોરા કોરોના મુક્ત થયા છે. જિલ્લામાં અત્યાર સુધી કુલ ૧૭૬ દર્દી કોરોના મુક્ત થયા છે જ્યારે સાત દર્દીઓના મોત નિપજ્યા છે તથા અત્યારે ૬૭ દર્દી સારવાર હેઠળ છે.

બનાસકાંઠામાં વધુ ૧૨ પોઝિટિવ કેસ નોંધાયા

ડીસા-૫, પાલનપુર-૪, શિહોરી-૨, અને વાવ-૧

પાલનપુર બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનો બેકાબુ બની રહ્યો છે. જ્યાં સોમવારે વધુ ૧૨ કેસ પોઝિટિવ નોંધાયા હતા. ડીસા-૫ , પાલનપુર-૪, શિહોરી-૨, અને વાવ -૧ પોઝિટવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૪૧૨ પહોંચી ગઈ છે. મૃત્યુઆંક ૧૬ થવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસના દિન પ્રતિદિન કેસો વધી રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે સોમવારે વધુ ૧૨ કેસ પોઝિટિવ નોંધાયા હતા. ડીસા-૫, પાલનપુર-૪, શિહોરી-૨, અને વાવ -૧ પોઝિટવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્ય ૪૧૨ પહોંચી છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૧૬ થવા પામ્યો છે.

બાયડ પંથકમાં ૧૨ કલાકમાં ત્રણને કોરોના ભરખી જતા ફફડાટ

મોડાસામાં શંકાસ્પદ કોરોનાથી મહિલાનું મોત, ત્રણ વધુ પોઝેટીવ કેસ સાથે ૨૭૧ પર પહોંચ્યો

મોડાસા, તા. ૧૩ અરવલ્લી જિલ્લામાં કોરોના કહેરથી મોત નિપજાવાની ઘટના ફરી વખત ચરમસીમાએ પહોંચી છે. બાયડ તાલુકાના ત્રણ કોરોનાગ્રસ્ત દર્દીઓના ૧૨ કલાકના ટૂંકા ગાળામાં ટપોટપ મોત નીપજતાં બાયડ તાલુકામાં કોરોનાના મોતના તાંડવથી લોકો રીતસરના ફફડી ઉઠ્યા છે, બીજીબાજુ મોડાસા કોવીડ-૧૯ હોસ્પિટલમાં શંકાસ્પદ કોરોનાના દર્દી તરીકે સારવાર લઈ રહેલા ૬૭ વર્ષીય મહિલાનું મોત નિપજતા અરવલ્લી જીલ્લામાં ૩૩ લોકોને કોરોના ભરખી જતા કોરોનાનું પ્રાણઘાતકરૂપથી

લોકોમાં ભય જોવા મળી રહ્યો છે. જિલ્લામાં ત્રણ વધુ કોરોનાના દર્દીઓ નોંધાતા પોઝેટીવ દર્દીઓની સંખ્યા ૨૭૧ પર પહોંચી છે. આરોગ્ય તંત્રનો વધુ એક છાબરાડો બહાર આવતા લોકોમાં આરોગ્ય તંત્રની કામગીરી સામે ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. બાયડ તાલુકાના રમોસ ગામમાં કોરોના પોઝેટીવ દર્દીનુ ધનસુરા તાલુકાનાં રમોસ ગામનો હોવાનું જાહેર કરતા ગામમાં કોરોના કોને થયો લઈને અફડાતફડી મચી હતી. ગામનાં સરપંચે આરોગ્ય તંત્રનું ધ્યાન દોરતા આરોગ્યતંત્રએ ભૂલ સુધારી હતી.

બાયડ તાલુકાના ગાબટ ગામના તબીબ ડૉ. ભાઈલાલભાઈ પટેલ અને બાયડ શહેરમાં સપન હોસ્પિટલ ધરાવતાં એક સિનિયર ડોક્ટરના પત્નીનું અમદાવાદમાં સારવાર દરમિયાન કોરોનાથી મોત નિપજતાં ભારે ચકચાર મચી હતી. આંબલીયારા ગામના કોરોનાગ્રસ્ત વૃદ્ધનું ગાંધીનગરની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજતાં ૧૨ કલાકના ટુંકા ગાળામાં ત્રણ લોકોને કોરોના ભરખી જતા પંથકમાં ફફડાટ ફેલાયો છે મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલમાં શંકાસ્પદ કોરોનાના દર્દી તરીકે સારવાર લઈ રહેલ ૬૭ વર્ષીય મહિલાનું મોત નિપજતા આરોગ્યતંત્રે તકેદારીના ભાગરૂપે મહિલાની અંતિમક્રિયા કોવીડ-૧૯ ગાઈડલાઈન મુજબ કરવામાં આવી હતી. હવે તબીબો પણ કોરોનાની ઝપેટમાં આવતા સ્થાનિક તબીબો ચિંતામાં મૂકાયા છે. જીલ્લામાં વધુ

ત્રણ કોરોના પોઝેટીવ કેસ નોંધાતા કુલ કોરોના પોઝીટીવ આંકડો ૨૭૧ જેટલો થયો છે. સતત વધી રહેલ કોરોનાથી મોતને પગલે આરોગ્યતંત્ર અને વહીવટી તંત્રની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે.

મોડાસા શહેરમાં કોરોનાના પગલે મોતનો આંક ૨૪ થઈ ગયો છે શહેરમાં કોરોના સામે વેપારીઓ અને લોકોની બેદરકારી પણ એટલી જ જવાબદાર હોવાનું જાગૃત નાગરિકો માની રહ્યા છે. શહેરમાં ધંધા-રોજગારના સ્થળોએ સોશ્યલ ડીસ્ટન્સનો અભાવ અને દંડથી બચવા પહેરાતું માસ્ક આવનારા સમયમાં શહેરમાં કોરોના સંક્રમણને આમંત્રણ આપી રહ્યા છે.

કોરોના મુક્ત માલપુર નગરમાં કોરોના ઈફેક્ટ

માલપુર બજારના વેપારીઓએ દુકાન ખુલ્લી રાખવાનો સમય બે વાગ્યાનો કર્યો

મોડાસા, તા. ૧૩ કોરોના વાયરસના વધી રહેલા સંક્રમણના પગલે વેપારીઓ વધુ ઘરાકી મેળવવાના બદલે સલામતી જાળવવા પ્રયત્ન કરી રહ્યા છે. દુકાન પર ઘરાકોની ભીડ જામતી જોઈને ખુશ થવાના બદલે વેપારીઓ હવે સોશિયલ ડિસ્ટન્સિંગનો ભંગ જોઈને ગભરાઈ રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના પોઝેટીવ દર્દીઓ નોંધાઈ રહ્યા છે. જીલ્લામાં હાલ દરરોજ ૩ થી ૭ કેસ નોંધાઈ રહ્યા છે. જીલ્લામાં કોરોના મુક્ત રહેલા માલપુરનગર અને તાલુકામાં કોરોનાના સંક્રમણને ખાળવાં વેપારીઓએ સ્વયભૂ બપોરે બે વાગ્યા સુધી ધંધા-રોજગાર ચાલુ રાખવા સામુહિક નિર્ણય લીધો છે બપોરે બે વાગ્યા પછી માલપુર નગરમાં સ્વયંભૂ કર્ફ્યુ જેવો માહોલ જોવા મળ્યો હતો.

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કહેર વધી રહ્યો છે. જિલ્લામાં હાલ દરરોજ સરેરાશ ૩ થી ૭ કોરોના પોઝેટીવ કેસ વધતા જાય છે અનલોક-૨ પછી જિલ્લાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે, હાલ જિલ્લામાં કોરોનાના ૨૭૧ કેસ છે જે એક મહિનામાં ડબલ થવા પામ્યા છે તેની સરખામણીએ મોતની સંખ્યા ૩૩ પર પહોંચી ચુકી છે જે કેસની સરખામણીએ ખૂબ જ ચિંતાજનક છે. ત્યારે તંત્ર દ્વારા સંક્રમણ ના ફેલાય તે માટે કોઈજ તકેદારી લેવામાં આવતી નથી. ત્યારે વેઓરીઓએ અને જનતાએ સ્વયંભુ બજારો નિયત સમય સુધી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. જિલ્લાના તમામ તાલુકામાં કોરોનાના કેસો આવ્યા છે એક માત્ર માલપુર તાલુકો એવો છે કે હાલ એક પણ કેસ કોરોના પોઝિટિવ નથી. ત્યારે આગામી સમયમાં કોરોનાનો કહેર માલપુરમાં ના ફેલાય તે માટે અને બહારના લોકોનું સંક્રમણ ના ફેલાય તે માટે સોમવારથી માલપુરના બજારો સવારે ૮ થી ૨ વાગ્યા સુધી જ ખુલ્લા રાખવાનો સ્વયંભૂ નિર્ણય કરવામાં અવ્યો છે.

પ્રાંતિજના વેપારીઓ દ્વારા બજારના સમયમાં સ્વૈચ્છિક ફેરફાર કર્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોરોના વધતા જતા કેસોને લઈને પ્રાંતિજના વિવિધ એસોસિયેશનના વેપારીઓની મીટીંગ બંસીધર ખાતે મળી હતી જેમાં દુકાનો ખોલવા બંધ કરવાના ટાઈમમાં ફેરફાર કર્યો સવારના ૭ થી બપોરના ૨ વાગ્યા સુધીનો કરવામાં આવ્યો.

હાલ કોરોનાની મહામારીને લઈને દિવસે ને દિવસે જિલ્લા સહિત પ્રાંતિજ તથા તાલુકામાં વધતા જતાં કેસોને લઈને આજે પ્રાંતિજ બજાર ચોક હઠીલા હનુમાન મંદિર પાસે આવેલ બંસીધર અશોકભાઈ ભાવસારની દુકાન ખાતે નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન પટેલની અધ્યક્ષતામા પ્રાંતિજના દરેક એસોસિયેશનના વેપારીઓની એક મીટીંગ યોજાઈ હતી જેમાં પ્રાંતિજના વેપારીઓ દ્વારા પ્રાંતિજમાં કોરોનાના વધતા જતાં કેસોને લઈને સ્વૈચ્છિક રીતે ટાઈમમાં ફેરફાર કર્યો હતો જેમાં સવારના ૭ થી બપોરના ૨ વાગ્યા સુધીનો ટાઈમ તા.૧૪-૭-૨૦૨૦થી ૨૫-૭-૨૦૨૦ ફિક્સ કરવામાં આવ્યો હતો જેને લઈને પ્રાંતિજ ખાતે ધંધા રોજગાર કરતા વિવિધ એસોસિયેશનના પ્રમુખો તથા જવાબદાર વેપારીઓએ પણ ઉપસ્થિત રહીને સ્વૈચ્છિક સંમતી દશાવી હતી.

મોડાસામા વીજ બીલ ભરવા આવતા ગ્રાહકોમાં કોરોના સંક્રમણનો ખતરો

મોડાસા નગરમાં કોરોનાના કેસોમાં દિવસે દિવસે વધારો જોવા મળી રહ્યો છે અને મૃત્યુ દરમાં પણ વધારો થઈ રહ્યો છે. ત્યારે મોડાસા ખાતે વીજ બીલ ભરવા આવતા ગ્રાહકોની લાઈનમાં સોશિયલ ડિસ્ટન્સના અભાવને લીધે કોરોના સંક્રમણનો ખતરો વધવાની શક્યતાઓ સેવાઈ રહી છે. અરવલ્લી જિલ્લાના મોડાસા નગરમાં કોરોનાના કેસોની સંખ્યા રોજ બરોજ વધતી જાય છે. મોડાસા ખાતેની યુજીવીસીએલ કચેરી ખાતે વીજબીલ ભરવા આવતા ગ્રાહકોની મોટી લાઈન લાગે છે. આ લાઈનમાં કોઈ સોશિયલ ડિસ્ટન્સ જળવાતું નથી. વીજબીલ ભરવા માટે મોડાસા સહિત નજીકના આજુબાજુના ગામડામાંથી પણ ગ્રાહકો વીજબીલ ભરવા માટે આવે છે, આ કચેરીમાં સોશિયલ ડિસ્ટન્સના નિયમનું પાલન ન કરવાથી કોરોના સંક્રમણના ખતરાને લીધે ગામડાઓમાં પણ કોરોનાના કેસો વધવાની શક્યાઓ સેવાઈ રહી છે. ત્યારે મોડાસા શહેરમા આવેલી વીજકંપનીમા સોશીયલ ડિસ્ટન્સના નિયમનું પાલન કરવાની વ્યવસ્થા ગોઠવાય તેવું લોકો ઇચ્છી રહ્યા છે.

પ્રાંતિજ ખાતે કોરોના પોઝીટીવ વધતા જતાં કેસોને લઈને નગરજનોમાં ભય

પ્રાંતિજમાં ૨૮ કેસો તો તાલુકામાં ૬૩ કેસો નોધાયા : જિલ્લામાં ૨૫૦ કોરોના પોઝીટીવ કેસો નોધાયા

પ્રાંતિજ, તા. ૧૩ દેશ ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લામાં દિવસે ને દિવસે કોરોનાના કેસોમાં કુદકેને ભુસ્કે વધારો થઈ રહ્યો છે, ત્યારે પ્રાંતિજ સહિત તાલુકામાં પણ જાણે કોરોનાએ ઘર કર્યું હોય તેમ દિવસે ને દિવસે નવા કેસો સામે આવી રહ્યા છે, ત્યારે નગરજનોની લાપરવાહી સાથે તંત્રએ પણ હવે નીચુ મુક્યુ હોય તેમ હાલ તો સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

પ્રાંતિજ ખાતે કોરોનાએ જાણે માજા મુકી હોય તેમ એક પછી એક કોરોનાના પોઝીટીવ કેસોમાં દિવસેને દિવસે વધારો થતો જોવા મળી રહ્યો છે. પ્રાંતિજ તાલુકામાં પણ કેસો વધતા હાલ તો ક્યાકને ક્યાક નગરજનો લાપરવાહી સાથે તંત્રએ પણ હથિયાર હેઠા મુકયા હોય તેમ તંત્રની પણ લાપરવાહી સામે આવી છે અને નગરજનો વધતા જતા કેસો વચ્ચે પણ જાણે કોઈ પણ જાતની કોરોના અંગેની જાણકારી અવેરનેસ ના હોય તેવું હાલ તો લાગી રહ્યું છે. ત્યારે સંક્રમણ વધતા હાલ કેસોમાં પણ વાધરો થયો છે જેમાં વ્હોરવાડ, આટીયાવાસ, પ્રજાપતિવાસ, કુંભારવાસ સહિતના વિસ્તારોમાં હાલ કન્ટેઈનમેન્ટ કરવામાં આવ્યા છે છતાં પણ હજુ આ વિસ્તારોમાથી કેસો મળી આવે છે ત્યારે હાલ તો કેસો વધવા પાછળ નગરજનોમા અવેરનસની સલાહ આપવામાં આવી રહી છે.

પ્રાંતિજમાં કોરોના સંક્રમણ વધતા કેસો વધે છે તો નગરજનો પણ ના કામના બજાર સહિત નગરમાં લટાર મારતા જોવા મળે છે ત્યારે હજુ આવુને આવુ રહ્યું તો પ્રાંતિજમાં કોરોનાના બ્લાસ્ટ થાય તો નવાઈ નહી તે પહેલા નગરજનો અને તંત્ર રસ લે તેવી માંગ પણ હાલ તો ઉઠવા પામી છે. ત્યારે હાલ તો પ્રાંતિજમાં ૨૮ કોરોનાના કેસો તથા તાલુકા ૬૩ કોરોના કેસો નોધાયા છે ત્યારે જિલ્લામાં પણ અત્યાર સુધીમાં ૨૫૦ કોરોના પોઝીટીવ કેસો નોધાયા નોધાયા છે.

અરવલ્લીની ૩૪ બેંક સખીને વિનામૂલ્યે ફિંગર પ્રિન્ટ ડિવાઈસનું વિતરણ કરાયું

ડિઝીટલ ઈન્ડીયા અંતર્ગત સખી મંડળની બહેનોને ડિજિટલ પ્લેટફોર્મ જેવા કે કોમન સર્વિસ સેન્ટર ડિઝીપે દ્વારા બેંક લેવડદેવડ

ટેલિમેડિસિન, કેસીસી કાર્ડ, પેન્શનરોને લાઈફ સર્ટિફિકેટતથા અન્ય તમામ કામગીરી ગ્રામ્ય સ્થળે બહેનો સેવા પૂરી પાડી શકે તે હેતુથી અરવલ્લી જિલ્લાની ૩૪ બેંક સખીને જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ. અનિલ ધામેલીયાના હસ્તે વિનામૂલ્યે ફિંગર પ્રિન્ટ ડિવાઈસનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

અરવલ્લી જિલ્લાની ગ્રામ્યવિસ્તારની બહેનોને ડીજીટલક્ષેત્રે સાંકળવાના અભિનવ પ્રયાસ અન્વયેનું એક મહત્વપૂર્ણ કદમ બિઝનેસ કોરોસપોન્ડેટ (બી.સી) સખી છે. જે હવે અરવલ્લી જિલ્લાના ગ્રામ્યકક્ષાએ ચાલતા સખીમંડળની બહેનો દ્વારા ચલાવશે. બેક સખી દ્વારા ડિજીટલ ટ્રાન્ઝેકશન કરવામાં આવશે જેનાથી કમિશનરૂપે નિયત રકમ મળશે અને બહેનોની આજીવિકામાં વધારો થશે.

બી.સી.સખી થકી હવે ગ્રામ્ય વિસ્તારમાં અધારકાર્ડથી લિંકેજ બેંકીંગ સેવાઓ જેમકે, પૈસાની લેવડ દેવડ, વીમા પ્રિમિયમ, યુટીલીટી બિલ પેમેન્ટ, મોબાઈલ રીચાર્જ, પાનકાર્ડ, પાસપોર્ટ માટેની એપ્લીકેશન, ટેલિમેડિસિન, કેસીસી કાર્ડ, પેન્સનરોને લાઈફ સર્ટિફિકેટ તથા સી.એસ.સીની અન્ય તમામ કામગીરી સેવાઓ ફિંગર પ્રિન્ટ ડિઝીટલ ડિવાઈસથી ઉપલબ્ધ થશે.

આજે અરવલ્લીના ભિલોડા તાલુકા પંચાયતનું ઈ-લોકાપર્ણ

ભિલોડા, તા.૧૩ અરવલ્લી જિલ્લાના ભિલોડા ખાતે નવનિર્મિત તાલુકા પંચાયતનું રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ઈ-લોકાપર્ણ કરવામાં આવશે.

આજે તા.૧૪ જુલાઈ ૨૦૨૦ મંગળવારના રોજ સવારે ૧૧ કલાકે ભિલોડા ખાતે નવનિર્મીત તાલુકા પંચાયતનું ઈ-લોકાર્પણ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગાંધીનગર ખાતેથી કરશે. રૂ. ૨૮૪.૯૦ ખર્ચે નિર્માણ થયેલ અતિ આધુનિક સુવિધાઓથી સજ્જ તાલુકા પંચાયતથી લોકોની સુખાકારીમાં વધારો થશે.

ભિલોડાના હાથમતી બ્રીજ પાસે અકસ્માત સર્જાયો

ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ પર હાથમતી બ્રીજ પાસે એસ્સાર પેટ્રોલ પંપ સામે અકસ્માત સર્જાયો હતો. ડોડીસરા ગામના યુવાન બાઈક ચાલકનું અકસ્માત દરમ્યાન કરૂણ મોત નિપજતા ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા એકત્રીત થઈ ગયા હતા. ટ્રક ચાલક ઘટનાસ્થળેટ્રક બિનવારસી મુંકીને પલાયન થઈ ગયો હતો.

ટાટા કંપનીનું ડમ્પર ટ્રક નંબર. જી.જે.૦૮.ઝેડ. ૨૨૯૮ ના ચાલકએ માંતેલા સાંઢની માફક ગફલતભરી રીતે અને બીજાની ઝીંદગી જોખમમાં મુંકાય તે રીતે ડમ્પર ચલાવી એકાએક ઓચિંતી બ્રેક મારતા પાછળથી આવતા બજાજ ડીસ્કવર બાઈક નં.જી.જે. ૦૯.સી.એ.૪૮૦ના ચાલક વિજયકુમાર કાનજીભાઈ મોડીયા (ઉંમર-૨૫, રહે. ડોડીસરા) યુવાન ધોરીમાર્ગ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા બાઈક ચાલકનું કરૂણ મોત નિપજતાં પરીવારજનોહૈયાફાટ રૂદન કરતાહતા.

મોડાસા-શામળાજી હાઈવે પર ઠેર ઠેર પડેલા ખાડાથી અકસ્માતની હારમાળા

જીવણપુર નજીક કાર ખાડામાં પડતાં હવામાં ફંગોળાઈ, લોકોએ કર્યો ચક્કાજામ

મોડાસા, તા. ૧૩ દિલ્હીથી મુંબઈને જોડતો શામળાજી-ગોધરા રાજયધોરી માર્ગ પર ઠેર ઠેર ખાડા પડી જતા હાલ સમારકામ ચાલતું હોય ઠેરઠેર આડેધડ ડાયર્વઝન આપ્યા છે. હાઈવે પર પડેલા ખાડાઓ લઈ વારંવાર અકસ્માતની ઘટનાઓ બની રહી છે. હાઈવેનો ખાનગી કોન્ટ્રાક્ટ ધરાવતી કંપની અને જવાબદાર તંત્ર પાપે છેલ્લા કેટલાય દિવસથી રોડ ઉપર પડેલ ખાડાને લઈને વાહનચાલકો થાપ ખાઈ જતાં સ્ટેરીગ ઉપર કાબુ ગુમાવતા અકસ્માતોમાં વધારો થયો છે, તો કેટલાય લોકોના હાથ પગ ભાંગવાનો વારો આવ્યો છે. શનિવારે રાત્રે જીવણપુર ગામ નજીક રોડ પર પડેલા ખાડાઓના લીધે કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર હવામાં ફંગોળાઈ ડિવાઈડર કુદી હોટલ આગળ ખાબકતાં ભારે અફડાતફડી મચી હતી.

હાઈવે પર વારંવાર થતા અકસ્માતના પગલે લોકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. લોકોએ હાઈવે પર ચક્કાજામ કરતાં હાઈવે

પર વાહનોની લંબી કતારો જામી હતી. પોલીસતંત્ર તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી લોકો સાથે સમજવાટ કરી હાઈવે ખુલ્લો કરવામાં આવતા ટ્રાફિક પુર્વરત થયો હતો. સદનસીબે કાર ચાલકનો આબાદ બચાવ થતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

શામળાજીથી મોડાસા સુધીના રોડ પર પડેલા ખાડાઓ પુરવામાં ન આવતા ડિસ્કો રોડથી તોબા પોકારી ઉઠ્યા છે. પ્રથમ વરસાદમાં જ શામળાજીથી મોડાસા સુધીનો હાઈવે અનેક જગ્યાએ ધોવાઈ ગયો છે. જેને લઈ વારંવાર અકસ્માત સર્જાતા છે. આ સાથે વાહનો પણ ખરાબ થતાં હોઈ ચાલકોને મુસાફરી દરમ્યાન સંઘર્ષ કરવો પડે છે. વર્ષે દહાડે કરોડો રૂપિયાનો ટોલટેક્સ ખંખેરતી ખાનગી કંપની સામે લોકોમાં આક્રોશ પ્રવર્તી રહ્યો છે. મોડાસા-શામળાજી હાઈવે રોડ ઉપર મોટા વાહનો બેફામ રીતે હંકારતા નિર્દોષ લોકોને અસ્કમાતમાં જીવ ગુમાવવો પડે છે.

ગુજરાત જાગૃતિ વિકાસ મંડળ દ્વારા માંગણીઓ સંદર્ભે પોસ્ટકાર્ડ ઝુંબેશ

ભિલોડા તાલુકા મથક ખાતે ગુજરાત જાગૃતિ વિકાસ મંડળના હોદ્દેદારો, કાર્યકરો અને જાગૃત પ્રજાજનો ધ્વારા વિવિધ વર્ષો જુની માંગણીઓ સંદર્ભે ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને પોસ્ટકાર્ડ લખવાની ઝુંબેશ હાથ ધરાઈ છે. હાથમતી જીલ્લો બનાવી ભિલોડાને વડુ મથક બનાવવા પ્રબળ માંગણી, ભિલોડાના આજુ-બાજુના ૫ કિ.મી. વિસ્તારનો સમાવેશ કરીને ભિલોડા ખાતે નગરપાલિકા આપવા માંગણી, ભિલોડા તાલુકાના ટ્રાયબલ ફંડમાંથી સરકારી મેડીકલ અને સરકારી ઈજનેરી કોલેજની સ્થાપના કરવા માંગણી, સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજીને અલગ તાલુકા મથકનો દરજ્જો આપવા માંગણી, ભિલોડા, મેઘરજ, વિજયનગર, ખેડબ્રહ્મા સહિત આજુ-બાજુના વિવિધ વિસ્તારોનો સમાવેશ કરીને હાથમતી જીલ્લો બનાવવા પ્રબળ લોકમાંગણી છે. ભિલોડા તાલુકાના વર્ષો જુના વિવિધ પ્રાણ પ્રશ્નો સત્વરે હલ કરવા વડાપ્રધાનને પોસ્ટકાર્ડ લખવાની ઝુંબેશ જાગૃત પ્રજાજનો ધ્વારા ધરાઈ છે.